# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

**" સ્વચ્છ ભારત અભિયાન "**

**પરિપત્ર**

આથી તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, માન.વડાપ્રધાનશ્રી ભારત સરકાર **દ્વારા " સ્વચ્છ ભારત અભિયાન " મિશન હાથ ધરેલ છે. જેના અનુસંધાને યુનિવર્સિટીની તમામ કચેરીઓ ખાતે** આ અભિયાન અંતર્ગત **"સ્વચ્છતા ઝુંબેશ"** નો કાર્યક્રમ અંગે નીચે મુજબની માર્ગદર્શક સૂચનાઓ ધ્યાને લઇ કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે.

(૧) જે તે કચેરીના વડાએ પોતાના વિભાગની સફાઇ માટે આગેવાની લેવાની રહેશે.

(૨) દરેક અધિકારીઓ/કર્મચારીઓએ આ ઝુંબેશમાં ભાગ લેવાનો રહેશે. (વર્ગ–૧ થી વર્ગ–૪ ના કર્મચારીઓ સહિત)

(૩) દરેક કર્મચારીએ પોતાના સમગ્ર વિભાગમાં (દરેક રૂમ, લોબી, લેબોરેટરી, ટોઇલેટ બ્લોક, કલાસરૂમ વિગેરે) સફાઇ ઝુંબેશમાં જોડાવવાનું રહેશે.

(૪) દરેક ઓફીસ, રૂમ કે લેબોરેટરીમાં સફાઇ ઉપરાંત સાધનો, ફાઇલો અને અન્ય સામગ્રીની ગોઠવણી તેમજ કબાટની અંદર પણ સફાઇ કરવાની રહેશે.

(૫) એકત્રિત કચરાના નિકાલની વ્યવસ્થા જે તે વિભાગ કક્ષાએથી કરવાની રહેશે.

(૬) સફાઇ કાર્ય પહેલા તથા પછીના ફોટોગ્રાફ મોબાઇલ/કેમેરા દ્વારા પેનડ્રાઇવમાં લઇ તેમજ સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવેલ કાર્યવાહીના રીપોર્ટ નોડલ ઓફીસર ર્ડા.અરૂણ.એ.પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી,આ.કૃ.યુ. આણંદની કચેરીમાં મોકલી આપવાના રહેશે.

સદર પરિપત્ર માન.કુલપતિશ્રીની સૂચનાનુસાર જારી કરવામાં આવે છે જેનો અમલ કરી **" સ્વચ્છ ભારત અભિયાન "** ને સફળ બનાવવા વિનંતી છે.

**કુલસચિવ**

**નં. આકૃયુ/રજિ/સંકલન/** ૫૦૫૪-૬૩ **/૨૦૧૮**
**તા.**૨૬**/૦૬/૨૦૧૮**

**નકલ જયભારત સહ રવાના જાણ તથા અમલ થવા સારુ.**

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ., આણંદ તરફ જાણ સારૂ.
૨. યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ.
૩. તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

**નકલ રવાનાઃ**

૧. કુલસચિવશ્રીના અંગત મદદનીશ,આ.કૃ.યુ. આણંદ તરફ.
૨. આ કચેરીની તમામ શાખાઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.